**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૧૧/૨/૨૦૧૫ બુધવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૯૫/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૭ કેસ કરી, ૨૨ વ્યક્તિઓને ઝડપી, ૮૪ લીટર દેશી દારૂ અને ૫ બિયર ટીન કબજે કરી હતી.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૯૬/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૭૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ખુનઃ-** **સમાચાર યાદી નં.૨૯૭/૧૫**

**નરોડાઃ** જગદીપસિંગ ફતેસિંગ તોમર (રહે.હાજીમુલ્લા પઠાણની ચાલી અંબિકા મેડીકલ સામે રામનગર ભીલવાડા અમરાઈવાડી) એ નરોડા પોલીસ સમક્ષ ફરીયાદ નોધાવી છે કે તા.૧૦/૨/૧૫ રાતના ૧૧/૧૫ વાગ્યાના સુમારે આરોપી (૧) સુરેન્દ્રસિંગ ઉર્ફે સંજુ રામલખન ભદોરીયા (રહે પાયલ પાર્ક સોસાયટી હાટકેશ્વર અમરાઈવાડી) તેમજ તેના સાળા (૨) સોનુ ઉર્ફે યોગેન્દ્ર શમશેરસીંગ કુશ્વાહ (૩) મહાવિરસિંગ ચૌહાણ અને (૪) અર્જુનસિંગ ભદોરીયા એ ભેગા મળી નરોડા પાર્શ્વનાથ ટાઉનશીપ મહાવિર સ્મૃતિ મંદિર વિભાગ-૯ તથા શીવાજી ચોક કેનાલ ખાતે લગ્નના જમણવારમાં પાપડ આપવા બબતે જગદીપસિંગના મિત્ર દુષ્યંત રૂપસિંગ શેંગર (ઉ.વ.૨૮) (રહે.મંઝુરખાનની ચાલી રામનગર અમરાઈવાડી) સાથે બોલાચાલી ઝગડો થતા લતવારથી દુષ્યંતને માથાના ભાગે તેમજ શરીરે ગંભીર ઈજાઓ કરી નાસી ગયા હતા. ઈજગ્રસ્તને સારવાર માટે એલ જી હોસ્પીટલ ખાતે દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં તા.૧૧/૨/૧૫ કલાક ૩/૧૫ વાગ્યાના સુમારે તેનુ મૃત્યુ નિપજ્યું હતુ. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી પી પી પીરોજીયા ચલાવે છે.

**ખુનની કોશિશઃ-** **સમાચાર યાદી નં.૨૯૮/૧૫**

**શહેરકોટડાઃ** રાકેશભાઇ રામસહાય જાતે.યાદવ (રહે. યોગેશ્ર્વર પાર્ક ફલેટ ત્રીજા માળે કાકડીયા હોસ્પીટલની પાસે બાપુનગર) એ સીવીલ હોસ્પીટલ ખાતે શહેરકોટડા પોલીસ સમક્ષ ફરીયાદ નોધાવી છે કે તા.૧૦/૨/૧૫ રાતના ૯/૧૫ વાગ્યાના સુમારે યોગેશ્ર્વર ફલેટના પાર્કીગમાં અંબે માતાના મંદિર પાસે રાકેશભાઇ યાદવના ભાઇ સુનિલ ઉર્ફે સેગોએ પુરષોતમભાઇ ચંડેલનાં પુત્ર રોહિત ચંડેલ સાથે મજાક કરતા રોહિત ગુસ્સે ભરાઇ તેના પિતા તથા ભાઇઓને બોલાવી લાવતા આરોપી (૧) પુરષોતમભાઇ ચંડેલ (૨) યોગેશ રાધેશ્યામ ચંડેલ અને (૩) અનિલ રાધેશ્યામ ચંડેલ (તમામ રહે, યોગેશ્ર્વરપાર્ક ફલેટ કાકડીયા હોસ્પીટલ પાસે બાપુનગર) એ ભેગા મળી સુનિલ ઉર્ફે સેગોને તલવાર અને ચપ્પાથી મારી નાખવાના ઇરાદે પેટનાં ભાગે જમણા પડખામાં ગંભીર ઇજાઓ કરી નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી ડી.ડી.ગોહિલ ચલાવે છે.

**<u>દુષ્પ્રેરણઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૯૯/૧૫</u>**

**વટવાઃ** સુનિતાબહેન કલ્પેશભાઈ વાળંદ (ઉ.વ.૩૪) (રહે.ઈશ્વરબાગ સોસાયટી મોની હોટલના ખાંચામાં ઈસનપુર) એ તા.૯/૨/૧૫ સવારના ૮/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી.

ઉપરોક્ત બાબતે સુનિતાબહેનના પિતા બળવંતભાઈ ચંદુભાઈ વૈદ (રહે.વૈદવાસ હોળી ચકલા સાણંદ) એ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે પુત્રી સુનિતાબહેને તેના પતિ કલ્પેશભાઈ વાળંદ માનસીક તેમજ શારીરીક ત્રાસ આપતા હોઈ અંતિમ પગલુ ભર્યુ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ એ ગોહિલ ચલાવે છે.

**<u>વાહન ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૩૦૦/૧૫</u>**

**વસ્ત્રાપુરઃ** નીખીલભાઈ ગુણવંતલાલ મહેતા (રહે. શારદાકુંજ સોસાયટી નવા વિકાસગૃહ પાલડી) એ તા.૮/૨/૧૫ સાંજના ૬/૩૦ વાગે એસ કે ફાર્મની બહાર પોતાની હુન્ડાઈ કાર નંબર જીજે ૧ એઆર ૧૪૮૦ કિમત રૂપિયા ૫૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી રાતના ૮/૩૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ નીખીલભાઈ મહેતાએ તા.૧૦/૨/૧૫ નારોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ મ.સ.ઈ. શ્રી કીરીટસિહ કાનાજી ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.